| 4251673.49 | Depreciation on Fixed Assets | **4249870.05** | 2795383.93 | Incidental Charges | **3057323.87** |
| | **Other Items :** | | 659610.01 | Profit on sale of GOI Securities & Mutual Funds | **6023050.40** |
| 231819.00 | Repairs & Maintenance | **381365.69** | 578193.41 | Inspection Charges | **485117.96** |
| 91415.00 | Advertisement | **187129.00** | 1630865.38 | Rent for Lockers | **1992584.94** |
| 21534.00 | Loss on Sale of Assets | **0.00** | 75.00 | Duplicate Share Certificate Charges | **854.87** |
| 117858.00 | Board Meeting Expenses | **61517.00** | 0.00 | ATM Charges | **81237.24** |
| 12344559.26 | Other Expenditure | **12895440.26** | 0.00 | SMS Banking Charges | **212386.14** |
| 933211.00 | Premium on GOI Securities Amortised | **1156427.00** | 28591.00 | Excess provision for Income Tax | **0.00** |
| | **Provisions :** | | 0.00 | Profit on Sale of Assets | **5968.60** |
| 0.00 | Reserve for Bad & Doubt Debts | **1500000.00** | | | |
| 200000.00 | Contingent Prov. Against Standard Assets | **100000.00** | | | |
| 489800.00 | Provision for Investment Fluclation Reserve | **0.00** | | | |
| 6986550.00 | Provision for Investment Depreciation Reserve | **0.00** | | | |
| | **Income Tax :** | | | | |
| 11726520.00 | Provision for Current Year | **12046558.00** | | | |
| (187114.00) | Deferred Tax Assets | **(172469.00)** | | | |
| | **Transfers :** | | | | |
| 5037932.43 | Reserve Fund | **6180771.35** | | | |
| 546805.04 | Special Reserve u/s 36(i)(viii) | **78027.96** | | | |
| 11698290.12 | Net Profit Carried to Balance Sheet | **17735707.64** | | | |
| 288337616.97 | Total ₹ | **319188805.68** | 288337616.97 | Total ₹ | **319188805.68** |

**Shri Mahendra Devji Khona**
Chairman

**Shri Kalyanji Champshi Chheda**
Vice Chairman

**Shri Khetshi Devshi Khona**
CEO

**"Dividend declared @ 12.00% for the year 2014-15."**

## ભારત રાજ્યપ્રમાણે લોકસંખ્યા અને જૈનો

| | કુલ લોકસંખ્યા | જૈન |
|---|---|---|
| ભારત | ૧૨૧૦૮૫૪૯૭૭ | ૪૪૫૧૭૫૩ |
| આંધ્ર પ્રદેશ | ૮,૪૫,૮૦,૭૭૭ | ૫૩,૮૪૯ |
| અરૂણાચલ | ૧૩,૮૩,૭૨૭ | ૭૭૧ |
| આસામ | ૩,૧૨,૦૫,૫૭૬ | ૨૫,૯૪૯ |
| બિહાર | ૧૦,૪૦,૯૯,૪૫૨ | ૧૮,૯૧૪ |
| છત્તીસગઢ | ૨,૫૫,૪૫,૧૯૮ | ૬૧,૫૧૦ |
| ગોવા | ૧૪,૫૮,૫૪૫ | ૧,૧૦૯ |
| ગુજરાત | ૬,૦૪,૩૯,૬૯૨ | ૫,૧૯,૬૫૪ |
| હરીયાણા | ૨,૫૩,૫૧,૪૬૨ | ૫૨,૬૧૩ |
| હિમાચલ | ૬૮,૬૪,૬૦૨ | ૧,૮૦૫ |
| જમ્મૂ-કાશ્મીર | ૧,૨૫,૪૧,૩૦૨ | ૨,૪૯૦ |
| ઝારખંડ | ૩,૨૯,૮૮,૧૩૪ | ૧૪,૯૭૪ |
| કર્નાટક | ૬,૧૦,૯૫,૨૯૭ | ૪,૪૦,૨૮૦ |
| કેરળ | ૩,૩૪,૦૬,૦૬૧ | ૪,૪૮૯ |
| મધ્ય પ્રદેશ | ૭,૨૬,૨૬,૮૦૯ | ૫,૬૭,૦૨૮ |
| મહારાષ્ટ્ર | ૧૧,૨૩,૭૪,૩૩૩ | ૧૪,૦૦,૩૪૯ |
| મણિપૂર | ૨૮,૫૫,૭૯૪ | ૧,૬૯૨ |
| મેઘાલય | ૨૯,૬૬,૮૮૯ | ૬૨૭ |
| મિઝોરામ | ૧૦,૯૭,૨૦૬ | ૩૭૬ |
| નાગાલેંડ | ૧૯,૭૮,૫૦૨ | ૨,૬૫૫ |
| ઓડિશા | ૪,૧૯,૭૪,૨૧૮ | ૯,૪૨૦ |
| પંજાબ | ૨,૭૭,૪૭,૩૩૮ | ૪૫,૦૪૦ |
| રાજસ્થાન | ૬,૮૫,૪૮,૪૩૭ | ૬,૨૨,૦૨૩ |
| સિક્કીમ | ૬,૧૦,૫૭૭ | ૩૧૪ |
| તામિળનાડૂ | ૭,૨૧,૪૭,૦૩૦ | ૮૯,૨૬૫ |
| ત્રિપુરા | ૩૬,૭૩,૯૧૭ | ૮૬૦ |
| ઉત્તર પ્રદેશ | ૧૯,૯૮,૧૨,૩૪૧ | ૨,૧૩,૨૬૭ |
| ઉત્તરાખંડ | ૧,૦૦,૮૬,૨૯૨ | ૨,૧૮૩ |
| પ. બંગાલ | ૯,૧૨,૭૬,૧૧૫ | ૬૦,૧૪૧ |
| કેંદ્રશાસિત પ્રદેશ | | |
| દિલ્લી | ૧,૬૭,૮૭,૯૪૧ | ૧,૬૬,૨૩૧ |
| દીવ-દમન | ૨,૪૩,૨૪૭ | ૨૮૭ |
| દાદરા નગર હવેલી | ૩,૪૩,૭૦૯ | ૧,૧૮૬ |
| ચંદીગડ | ૧૦,૫૫,૪૫૦ | ૧,૯૬૦ |
| અંદમાન-નિકોબાર | ૩,૮૦,૫૮૧ | ૩૧ |
| લક્ષદ્વીપ | ૬૪,૪૭૩ | ૧૧ |
| પૉંડેચરી | ૧૨,૪૭,૯૫૩ | ૧,૪૦૦ |


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


## દૃષ્ટાંત પ્રકાશ : કેવી સમાધાન વૃતિ....



આ ગૌતમ બુદ્ધ ને આનંદની વાત છે, એકવાર જ્યારે આનંદ એક નગરમાં જઈ રહ્યો છે. ત્યારે ગૌતમ બુદ્ધ કહ્યું. ''અરે આનંદ, તે નગરમાં લોકો તારો સત્કાર નહિ કરે તો તું શું કરીશ ?''

'ભંતે, હું વિચારીશ કે ભલે તેઓ મારું સ્વાગત કરતા નથી, પણ મારું અપમાનય નથી કરતા ને .... આ તેમની કાંઈ ઓછી મહાનતા છે ?'

''પણ કદાચ તેઓ તારું અપમાન કરશે તો ?''

''હું વિચારીશ કે મારું તેઓ અપમાન કરે છે તો પણ મને ગાળો તો ભાંડતા નથી ને !''

''તને ગાળો ભાંડશે તો ?''

''તો હું વિચારીશ કે ગાળો જ આપે છે તો પણ મને તમાચો તો મારતા નથી ને ?''

''અને જો તમાચો મારશે તો ?''

''મને તમાચો જ મારે છે ને ! મને લકડીઓ કે પથ્થર તો નથી મારતા ને ? એમજ વિચારીશ''

''જો તારી ઉપર પથ્થર અને લાકડીઓના પ્રહારો કરશે તો તે વખતે તું શું કરીશ ?''

''ભંતે ! મને જાનથી તો મારી નાખતા નથી ને ? તે વખતે હું એવું વિચારીશ.

''અરે ઓ આંનદ ! કદાચ તને જાનથી પણ મારી નાંખશે તો તું શું કરીશ ?

''ભંતે ! તો વખતે હું એમ વિચારીશ કે મારા શરીરને તેઓ ખતમ કરે છે, મારા આત્માને તો નુકશાન નથી કરી શકવાના પછી માટે શા કાજે ચિંતા કરવી ?''

આનંદના જવાબોમાં તેની વિશિષ્ટ સમાધાન વૃત્તિના આપણને દર્શન થાય છે. આવી સમાધાન વૃતિ જીવનના રોજ બરોજના પ્રસંગમાં કેળવીને સતત પ્રસન્ન રહેવું જોઈએ, પણ ક્ષણ માટે ય અસમાધિ ન થઈ જાય તેની કામના લેવી જોઈએ.

સંકલન : લક્ષ્મીચંદ ચાંપશી દંડ, જિનાજ્ઞા - 9374881300


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)

મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

RAJSHREE YOGA & FAT FREE ZONE®

Weight Management & Yoga Center
Since 1994

## ૨૦ કિલો કે તેથી વધુ વજન ઉતારવુ હોય તો લોકો સર્જરી કરાવે છે. જેમાં લાખોનો ખર્ચ પછી હંમેશા ડાયેટ અને છતાં પણ જોઇતો શેપ આવવાનું નક્કી નહીં.

## ગમેતે ઉંમર હોય, ગમે તે બિમારી હોય, ગમે તેટલું વજન ઓછા ખર્ચે, ટૂંક સમયમાં ઘટાડીને પરફેક્ટ શેપ જોઇતો હોયતો **રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોનમાં** જ શક્ય છે.



પહેલાં પછી

**નામ નહીં કામ બોલે છે**

**મહેક શૈલેષ સોની**

ઉં. વ. ૧૩

પહેલા વજન ૮૪ kg.

પછી વજન ૫૩ kg.

૫ મહીનામા

**ટોટલ ૩૧ કિલો ઉતર્યા**

**ટોટલ ૧૫૩ ઇંચ ઉતર્યા**



પહેલાં પછી

"હું જાડી હતી ત્યારે મનેજ ગમતી નહીં ૩ અઠ્ઠાઇ કર્યા પછી પણ આવીજ રહી. હું ગ્રુપમાં સૌથી જાડી હતી. બધા મારી પાછળ મારી મજાક ઉડાવતા. પરંતુ રાજશ્રી યોગામાં આવીને મારી બધી તકલીફો દૂર થઇ ગઇ. મારી પર્સનાલીટી જ નહીં મારી જીંદગીનો અર્થ જ બદલાઇ ગયો. મને ક્યારેય નથી લાગ્યું કે હું વજન ઉતારવાનો કોર્સ કે ડાયેટ કરી રહી છું. મે દરેકે દરેક સેશન માણ્યા છે. મનેજ ખબર પણ ન પડી કે ધીરે ધીરે કેવી રીતે હું સુંદર શેપમાં મોલ્ડ થઇ ગઇ. મારા કપડાની સાઇઝ XXL માંથી (S) સ્મોલ થઇ ગઇ અને મારી ચપ્પલ ની સાઇજ પણ બદલાઇ ગઇ"

લોકોને ૫ કિલો વજન ઉતારવું પણ મુશ્કેલ લાગતું હોય છે. પરંતુ મહેકે સ્કુલના બીઝી શેડયુલ માંથી સમય કાઢીને હસતાં હસતાં આત્મવિશ્વાસથી ૩૧ કિલો વજન ઘટાડીને એની ઉંમરનાઓ માટે તંદુરસ્તીનો મહેકતો મેસેજ આપવા બદલ અભિનંદન. માત્ર દેખાવજ નહીં પણ જીંદગીના દરેક ક્ષેત્રે સુંદર અને સફળ રહે તેવી શુભેચ્છા.

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઇ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઇ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઇઝી નથી. મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઇન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ, ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦૦૧૪
વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**પ્રશ્ન- હાલમાંજ અન્ય ગચ્છના મુનિરાજને વંદન કરવા જવાનું થયું. એમણે મને દીક્ષા માટે પ્રેરણા આપી. મેં કહ્યું હું દીક્ષાર્થી છું તો એમણે મને ગુરુ પૂછ્યા પછી ખચકાતા - અચકાતા કહ્યું 'અચલગચ્છ' યોગ્ય નથી. એની સમાચારી બરાબર નથી. અને અચલગચ્છના સમાચારીનું ખંડન કરતો એક ગ્રંથ મને આપ્યો. તો શું અચલગચ્છ ખોટો છે ?**
**- લી. મુમુક્ષુ બહેન**

ઉત્તર : તમે આવો પ્રશ્ન પૂછીને અને આજે શાસનમાં ચાલતી પ્રવૃતિ ઉપરથી પડદો ઉઠાવીને ગચ્છ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેથી તમે ધન્યવાદને પાત્ર છો. આવી વાતો જ્યારે પણ સામે આવે અવશ્ય સમાધાન મેળવશો. સત્યને જાણવા પૂર્ણ પ્રયાસ કરશો.

તમને અચલગચ્છની સમાચારીનું ખંડન કરતો જે ગ્રંથ આપ્યો છે એના વિષે પ્રથમ જાણવા જેવું છે : 'કુપક્ષ કૌશિક સહસ્ત્રકિરણ' અપરનામ 'પ્રવચન પરીક્ષા'

આ ગ્રંથના મુખપૃષ્ટ ઉપર નજર નાંખતાજ તમને ખ્યાલ આવી જાય કે લખનારનું મન કેટલું વિકૃત હશે બધા જ ખોટા અને અમે એકલા સાચા પુસ્તક લખાયાના સમયમાં જેટલા અન્ય સંપ્રદાયો હતા એ બધાજ ખોટા છે અમેજ સાચા છીએ. દિંગબર, અચલગચ્છીય, ખરતર ગચ્છ, પુનમિયા ગચ્છ, સાર્ધ પુનમિયા ગચ્છ, સ્થાનકવાસી આદિ બધા નું જ ખંડન કર્યું છે.

અચલગચ્છ દિગ્દર્શનમાં આ-વાતનો ઉલ્લેખ છે - જે નીચે પ્રમાણે છે -

ધર્મમૂર્તિસૂરિના સમયમાં ખંડનમાં ખંડનપટુ ઉપાધ્યાય ધર્મસાગર તપાગચ્છમાં થઈ ગયા. તેમણે કદાગ્રહ અન ઉગ્ર સ્વભાવથી સમગ્ર જૈન શાસનની એકતા છિન્ન-ભિન્ન કરી દીધી. એમના પોતાના ગચ્છમાં પણ ભાગલા પડ્યા. **એમની ખંડન પ્રવૃત્તિ જૈન સમાજને નીચે જોવડાવે એવી હીન હતી. એટલેજ તપાગચ્છ નાયકોએ એમને સંઘ સમક્ષ એમના દુષ્કૃત્યો માટે માફી મંગાવી અને એમને ગચ્છ બહાર કરી એમના ગ્રંથોને અમાન્ય ઠરાવ્યા.**

એ સરસામાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાંથી જુદા પડી લુંકા મત તથા અન્ય મતો ફૂટી નીકળ્યા. એ નવોદિત સંપ્રદાયો વચ્ચે સંઘર્ષ તો હતોજ, ત્યાં ધર્મસાગરે ખુદ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં જ ખરતર, અંચલ અને તપાગચ્છ વચ્ચે ભારે મતભેદો ઉભા કર્યા અને શાસનની એકતા જોખમાવી. તેમણે તપાગચ્છ સાચો અને બીજા બધા ગચ્છો ખોટા જણાવી તેમના પર તત્વતરંગિણી, પ્રવચન પરીક્ષા, કુમતિમત કુદ્દાલ ઈત્યાદિ ગ્રંથો દ્વારા ઘણા ઉગ્ર પ્રહારો કર્યા. સં. ૧૬૧૭માં 'અભયદેવસૂરિ, ખરતર ગચ્છના નહોતા' એવો પાટણમાં પ્રબળ વાદ કર્યો. તે વર્ષે **તેમને શ્વેતાંબર સંપ્રદાયના જુદા-જુદા ગચ્છના આચાર્યોએ ઉત્સૂત્રપ્રરૂપણાના કારણે જિનશાસનથી બહિષ્કૃત કર્યા. તપાગચ્છના નાયક વિજયદાનસૂરિએ ધર્મસાગરના ખંડનાત્મક ગ્રંથોને જલશરણ કરાવ્યા અને જાહેરનામું કાઢી 'સાત બોલ'ની આજ્ઞા કાઢી અથડામણ નિવારી.** સં. ૧૬૪૬માં અમદાવાદમાં સ્વગુરૂના સાત બોલ પર વિવરણ અને વધારો કરી 'બાર બોલ' રૂપી આજ્ઞાઓ જાહેર કરી. એમાં ધર્મસાગરે પણ સહી કરી. આથી જૈન સમાજમાં ઘણી શાંતિ પ્રવર્તી.

ધર્મસાગરની ખંડનાત્મક પ્રવૃત્તિથી પોતાના ગચ્છમાં


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**LAJITA BHARAT KHONA**
**TECH-PRINT DATA FORMS**
ATM ROLLS, PIN MAILERS, COMPUTER STATIONERY
B/15, Mahamaya, S.N. Road, Tambenagar, Mulund (W), Mumbai-400 080.
Mob.: 099301 53064 • Email : techprintdata@gmail.com

# શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબીવલી

## આભાર !
## અનુમોદના !
## મિચ્છામિ દુક્કડમ !

અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તી પ.પૂ. મુનિ શ્રી **દેવરત્નસાગરજી** મ.સા ના પરિવારના
પ.પૂ. મુનિશ્રી **તીર્થરત્નસાગરજી** મ.સા., પ.પૂ. મુનિશ્રી **દેવરક્ષિતસાગરજી** મ.સા.,પ.પૂ. મુનિશ્રી **તત્વરક્ષિતસાગરજી** મ.સા.,
પ.પૂ. મુનિશ્રી **મેઘરક્ષિતસાગરજી** મ.સા., પ.પૂ. મુનિશ્રી **ચૈત્યરક્ષિતસાગરજી** મ.સા., પ.પૂ. મુનિશ્રી **હેમરક્ષિતસાગરજી** મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં તથા

## પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન ચારેય જિનાલયના વાર્ષિક તથા વિવિધ ચડાવા લેનાર ભાગ્યશાળીઓની શ્રી સંઘ દ્વારા અનુમોદના... અનુમોદના... સહ આભાર...

| વાર્ષિક ચડાવા | શ્રી જીરાવલ્લા જિનાલય | શ્રી સુવિધિનાથ જિનાલય |
|---|---|---|
| અખંડ દિપક | શ્રીમતી હેમલતા ટોકરશી શામજી ગડા (ડુમરા) | શ્રીમતી ઉર્મિલા શરદ ગાલા (કોટડી મહાદેવપુરી) |
| કેસર | માતુશ્રી નાથબાઈ ચાપશી હરશી ગડા (લઠેડી) | માતુશ્રી જેઠીબાઈ માલશી ગાલા (ખારૂઆ) |
| ચંદન-સુખડ | શ્રીમતી ઉર્મિલા શરદ ગાલા (કોટડી મહાદેવપુરી) | કુ. બિજલ નિતીન હેમરાજ મોતા (દેવપુર) |
| અંગલુછણા | માતુશ્રી ગોરબાઈ પદમશી ગડા (નાના રતાડીયા) | શ્રીમતી ઝવેરબેન ખુશાલ ગંગર (નવાવાસ) |
| બરાસ-કપુર-અગરબત્તી | શ્રીમતી વિમળાબેન પ્રેમજી દેઢિયા (શેરડી) | શ્રીમતી નયના નરેશ નિસર (દેવપુર) |
| પક્ષાલ | શ્રીમતી ઉર્મિલા શરદ ગાલા (કો. મહાદેવપુરી) | માતુશ્રી શાંતાબેન કાનજી હીરજી ગડા (મંજલ રેલડીયા) |
| વાસક્ષેપ | શ્રીમતી હર્ષા મુલચંદ નાગડા (ખારૂઆ) | શ્રીમતી હેમલતા રસીક નાગડા (ચાંગડાઈ) |
| જિનાલય શુધ્ધિ | માતુશ્રી પુરબાઈ હેમરાજ દેઢિયા (શેરડી) | માતુશ્રી મઠાંબાઈ વીરજી રામજી ગાલા (મોટા લાયજા) |
| **વાર્ષિક ચડાવા** | **શ્રી ગુણ વિહાર ધામ** | **શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય** |
| અખંડ દિપક | માતુશ્રી મુલબાઈ નાગજી કારાણી (ડુમરા) | કુ. મીસા પ્રતિક લોડાયા (વારાપધર) |
| કેસર | માતુશ્રી વેલબાઈ હેમરાજ વિકમાણી (ગઢશીશા) | શ્રી બ્રીજેશ પ્રાગજી સાવલા (સમાઘોઘા) |
| ચંદન-સુખડ | માતુશ્રી કેસરબેન કેશવજી વિસરીયા (ગોધરા) | સ્વ. રતનબેન મેઘજી કુંવરજી નાગડા (જખૌ) |
| અંગલુછણા | શ્રી દિપક મોરારજી ખીમસરીયા (ઉનડોઠ મોટી) | શ્રીમતી ખમાવંતી હંસકુમાર શાહ (વારાપધર) |
| બરાસ-કપુર-અગરબત્તી | માતુશ્રી ગોરબાઈ પદમશી ગડા (નાના રતાડીયા) | શ્રી બ્રીજેશ પ્રાગજી સાવલા (સમાઘોઘા) |
| પક્ષાલ | માતુશ્રી નેણબાઈ લખમશી ગાલા (કોટડા રોહા) | શ્રી શાંતાબાઈ લાલજી હરીયા (હાલાપર) |
| વાસક્ષેપ | માતુશ્રી ચંચળબેન ચાંપશી ભુલા ગોસર (માપર) | શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા (વારાપધર) |
| જિનાલય શુધ્ધિ | શ્રીમતી ઉર્મિલા શરદ ગાલા (કોટડી મહાદેપુરી) | શ્રી ટોકરશી રતનશી નેણશી લોડાયા (વારાપધર) |

| જિનાલય | શાલીભદ્રની પેટી | પારણુ પધરાવનાર | કલ્પસૂત્ર પોથી પધરાવનાર | દ્વાર ઉદ્‌ઘાટન |
|---|---|---|---|---|
| શ્રી સુવિધિનાથ | માતુશ્રી રતનબેન વિશનજી દેઢિયા (મોટા લાયજા) | માતુશ્રી કુંવરબાઈ છગનલાલ મેઘજી (નવાવાસ) | શ્રીમતી પ્રેમીલાબેન પ્રવિણ ગડા (મોટા રતાડીયા) | શ્રી જેઠાલાલ દેવજી નાગડા (નાના રતડીયા) |
| શ્રી મુનિસુવ્રતસ્વામી | શ્રીમતી રશ્મી અજીત સાયલા (મંજલ રેલડીયા) | શ્રીમતી નિધી રાજીવ ધરમશી (સેવક ભરૂડીયા) | શ્રી ચંદ્રકાંત હંસરાજ મુલજી લોડાયા (વારાપધર) | શ્રી કલ્યાણજી વિસનજી લોડાયા (આરીખાણા) |

**: તપસ્વીઓના પારણા :**
**સ્ટીલ બજારના ભાઈઓનું ગ્રુપ**

**: સંઘ સ્વામીવાત્સલ્ય :**
**શ્રીમતી મુલબાઈ લક્ષ્મીચંદ હંસરાજ નાગડા (કો.મહાદેવપુરી)**
**મનિષ મસાલા પરિવાર**

**શ્રી જીરાવલ્લા જિનાલય**
ગુણવંતીબેન સૂર્યકાંત કુરવા
(ગોધરા)

## સર્વે ટ્રસ્ટીઓ-અધિકારીઓ-કારોબારી સભ્યોના ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્

**લી. : શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી**

BINITA SATISH MARU : 98690 34162

કેવા ખરાબ પ્રત્યાઘાત પડ્યા તેનું એકજ ઉદાહરણ અહીં પ્રસ્તુત છે. **ધર્મસાગરના ખંડનાત્મક ગ્રંથોને અપ્રમાણ ગણી તપાગચ્છ નાયક વિજયસેનસૂરિએ તેમને ત્રણ પેઢી સુધી ગચ્છ બહાર કર્યા હતા.** તેમના શિષ્ય વિજયદેવસૂરિ ગૃહસ્થાવસ્થામાં ધર્મસાગરના ભાણેજ થતા હતા અને પરસ્પર બન્ને વચ્ચે પ્રેમ હતો તેથી ગચ્છ બહારની હકીકતનો પત્ર ધર્મસાગરે વિજયદેવસૂરિને લખ્યો કે જેના ઉત્તરમાં વિજયદેવસૂરિએ પત્રની અંદર જણાવ્યું કે 'કશી ચિંતા ન કરશો. ગુરૂનું નિર્વાણ થયે તમને ગચ્છમાં લઈ લઈશું.' આ પત્ર માણસ દ્વારા મોકલ્યો, જેણે ભૂલથી તે વિજયસેનસૂરિના હાથમાં આપ્યો. પત્ર વાંચીને તપાગચ્છ નાયકના હૃદયમાં પોતાના શિષ્ય માટે ભારે આઘાત થયો અને બીજા કોઈને ગચ્છપતિ નીમવાનો વિચાર રાખ્યો. જુઓ **''જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ''** પૃ.૩૯૨. સંક્ષેપમાં ધર્મસાગરનાં કદાગ્રહ ભર્યા ખંડનાત્મક વલણને લીધે ખુદ તપાગચ્છમાં ભારે ભંગાણ પડ્યું અને દેવસૂર અને આણંદસૂર એમ બે પક્ષો થયા.

આવા જિનશાસને અમાન્ય કરેલા, સ્વગચ્છાચાર્યે જલશરણ કરેલા ગ્રંથની પ્રમાણિતતા કેટલી ? પોતાની જાતને ગીતાર્થ માનનારા.... સ્યાદ્વાદને જાણનારા કોઈ ગચ્છને જ્યારે ખોટો કહેવા તૈયાર થાય ત્યારે એની ગીતાર્થતા અને સ્યાદ્વાદ સામે પ્રશ્નાર્થ થાય એ સ્વાભાવિક છે. ભગવાન મહાવીરસ્વામિએ આવેલા ઈન્દ્રભૂતિને વેદ ખોટા છે એમ ન કહ્યું પરંતુ વેદ પદોનો અર્થ કરવામાં તારી ભૂલ થઈ છે એમ કહ્યું.

વિચારીએ આપણે ક્યાં ?

– (ક્રમશઃ)

**શ્રી અરિહંત ટ્રેડીંગ**

સાદા, ઘી સાદા, ઘીજીરા, માંગરોલી, મઠ, ચોળાફરી, ઘઉ, બાજરી, ભાખરી અને મુંગ આદિ પ્રકારના ખાખરા ઓર્ડરથી બનાવી અને હોમ ડિલીવરી કરવામાં આવશે.

સંપર્ક : કીર્તી શીવજી મૈશેરી, ભાંડુપ – નાની સિંઘોડી

મો.: 09920089346 / 099308 23619




## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપની રજત જયંતી ઉજવણીનો અઢાર અભિષેક અને સગપણ સંમ્મેલનથી આરંભ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના મહોત્સવના ધાર્મિક કાર્યક્રમોની શરૂઆત ૧૮ અભિષેકથી તો સામાજિક કાર્યક્રમોની શરૂઆત સગપણ સંમેલનથી થઈ હતી. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈની રજત જયંતી વરસ છે. એ નિમિત્તે સંસ્થાએ સપ્ટેમ્બર થી ડિસેમ્બર વચ્ચે અનેકવિધ સેવાકાર્યો યોજ્યા છે. તેની શુભ શરૂઆત શનિવાર, ૧૯ સપ્ટેમ્બર કચ્છનાં ૧૮ ગામનાં એકસાથે યોજાએલા પરમાત્માના ૧૮ અભિષેખ સાથે થઈ હતી. આ પાવન અભિષેકમાં સેંકડો ભાવિકોએ ઉમળાભેર ભાગ લીધો હતો.

રજત જયંતીના બીજા ચરણેના આરંભ શનિવાર, ૨૬ સપ્ટેમ્બર મુલુંડમાં યોજાયેલા મેજિક મિલન એટલે કે સગપણ સંમેલનથી થયો હતો. જ્ઞાતિશ્રેષ્ઠિઓ, યુવક-યુવતીઓ અને જ્ઞાતિજનો મળીને આશરે ૧,૨૦૦ લોકોની હકડેઠઠ હાજરીમાં ઉજવાયેલા કાર્યક્રમમાં ૪૦૦ થી વધારે લગ્નોત્સુકોએ ભાગ લીધો હતો. તેમાંથી આશરે પચ્ચીસ જેટલા સંબંધો સકારાત્મક પરિણામ સાથે પાર પડ્યા હતા.

રજત જયંતીના આગામી કાર્યક્રમોમાં રવિવારે, ચોથી ઓક્ટોબરે ભુજમાં યોજનારી સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ માટેની ચિત્રકળા અને નિબંધ સ્પર્ધાનો, શનિ-રવિવાર, ૧૭-૧૮ ઓક્ટોબર મુંબઈ, ગાંધીધામ, ભુજ, માડંવીમાં યોજનારા માનવતા પર્વનો, શનિવાર ૨૪ ઓક્ટોબરે કોઠારામાં યોજાનારા પ્રકૃતિ પર્વનો, રવિવાર પચ્ચીસ ઓક્ટોબરે કોઠારામાં યોજાનારા સ્વાસ્થપર્વનો, રવિવાર, પહેલી નવેમ્બરે મુંબઈમાં યોજાનારા મહિલાપર્વનો, ગુરૂથી બુધવાર, ૧૨ થી ૧૮ નવેમ્બરના સપ્તાહમાં મુલુંડમાં યોજાનારા જ્ઞાનસંસ્કારપર્વનો, રવિવાર, બાવીસ નવેમ્બર ડોંબિવલીમાં યોજાનારા ખેલકૂદપર્વનો સમાવેશ થાય છે.

રજત જયંતી ઉજવણીની ચરણસીમા એટલે શનિવાર અને રવિવારે, ૧૨ અને ૧૩ ડિસેમ્બર, ભુજના શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન મહાજનના સહયોગમાં સંયુક્તપણે યોજાનારા નવકારપર્વ, ગીત-સંગીતપર્વ, પરિણયપર્વ અને મહાપર્વ, પરિણયપર્વમાં બહોળી સંખ્યામાં યુવક-યુવતીઓ લગ્નગ્રંથિએ જોડાશે. છેલ્લા બે દિવસના તમામ કાર્યક્રમો ભુજમાં સંપન્ન થશે.

**- જયેશ જૈન** - 98201 41761,

- પ્રબોધ મુનવર - 99251 69876

શ્રી ચંદ્રપ્રભ સ્વામીય નમઃ | શ્રી મોટી ખાવડી તીર્થઃ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

મુ .પો . મોટી ખાવડી , જી: જામનગર , ગુજરાત 361140.

## "મિચ્છામી દુક્કડમ"

શ્રી સકળ સંઘ ને મન, વચન અને કાયાથી "મિચ્છામી દુક્કડમ", સર્વે તપસ્વીઓ સુખ સાતમા હસોજી , શ્રી ચંદ્રપ્રભ દાદા સર્વે ની સાતા સારી રાખે એજ વંદના ,આપણા ગામમા પણ આ વર્ષે સર્વે ના સાથ સહકાર અને આરાધક બહેનોના સથવારે સુંદર રીતે પર્યુષણ પર્વ ની આરાધના કરવામા આવી. નીચે દર્શાવેલ લાભાર્થી પરિવારોએ દાન ની ગંગા વહાવી શ્રી સંઘ ની ગરીમાને ચાર ચાંદ લગાવી દીધા છે, એ બદલ સર્વે લાભાર્થી પરિવારોની ટ્રસ્ટ બોર્ડ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

| લહાવો | લાભાર્થી પરિવાર |
|---|---|
| * કલ્પસૂત્ર ઘેર પધરાવવાનો લહાવો | માતૃશ્રી .પ્રવિણાબેન ચંદુલાલ નાથાલાલ લોડાયા પરિવાર. |
| * મોક્ષ ની બારી ખોલવાનો લહાવો | શા. શાંતિલાલ શામજી લોડાયા પરિવાર. |
| * વીરપ્રભુ નું પારણું ઝુલાવવાનો લહાવો | માતૃશ્રી. કંચનબેન રમેશચંદ્ર હંશરાજ ખોના પરિવાર. |

| સ્વપ્ન દર્શન | લાભાર્થી પરિવાર |
|---|---|
| * ગજરાજ | શા. માણેકજી રૂપશી લોડાયા ( ભાભાવારા ) પરિવાર. |
| * ઋષભ | શા છગનલાલ વેરશી લોડાયા પરિવાર |
| * કેશરી સિહ | શા. પાશુભાઈ રૂપશી લોડાયા પરિવાર. (હ. નવીન પાશુભાઈ લોડાયા) |
| * મહા લક્ષ્મી | માતૃશ્રી. લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના પરિવાર. |
| * ફૂલ ની માળા | શા .હીરાચંદ રૂપશી લોડાયા પરિવાર. |
| * ચંદ્ર | માતૃશ્રી. હીરબાઈ હંશરાજ ખોના પરિવાર. (હ. કંચનબેન રમેશચંદ્ર ખોના) |
| * સૂર્ય | શા .રામજી દેવરાજ ખોના. ( હ .પુષ્પાબેન ભવાનજી ખોના ) |
| * ધર્મની ધ્વજા | શા .મોતીલાલ દેવજી લોડાયા પરિવાર. |
| * કળશ | માતૃશ્રી. દેવાબાઈ માલશી ખોના પરિવાર. |
| * પદમ સરોવર | માતૃશ્રી .લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના પરિવાર. |
| * શિર સમુદ્ર | શા .ખીમજી કરમશી લોડાયા પરિવાર. |
| * દેવ વિમાન | માતૃશ્રી. રાજબાઈ વેરશી કરમશી લોડાયા પરિવાર. (હ .પુષ્પાબેન ચંદ્રકાંત લોડાયા) |
| * રત્ન ની રાશી | માતૃશ્રી .લીલબાઈ ટોકરશી ખોના પરિવાર. ( હ. પુષ્પાબેન ભવાનજી ખોના ) |
| * નિર્ધૂમ અગ્નિ | શા. શાંતિલાલ શામજી લોડાયા પરિવાર. |

છઠ ના દિવસે શ્રી ચંદ્રપ્રભ દાદા જિનાલય દ્વાર ઉદ્ઘાટન નો લાભ ,શા .છગનલાલ વેરશી લોડાયા પરિવાર અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જીનાલય દ્વાર ઉદ્ઘાટન નો લાભ ,શ્રી .હીરાચંદ રૂપશી લોડાયા પરિવારે લીધેલ, ત્યારબાદ સમૂહ ક્ષમાપના , વીર પ્રભુ ના પારણા નો વરઘોડો , નવકારશી , આરાધક બહેનો નું બહુમાન , સરસ્વતી અભિવાદન ( લાભાર્થી માતૃશ્રી. લક્ષ્મીબેન જયંતિલાલ ખોના પરિવાર ) , સ્વામીવાત્સલય અને ચૌવિહાર નો લાભ શ્રી સંઘે લીધેલ.

## નોટીસ

આથી નોટીસ આપવામા આવે છે કે, શ્રી સંઘ ની સર્વ સામાન્ય સભા રવિવાર તા: 25/10/2015 ના રોજ ,બપોરે 3:00 વાગ્યે થી, શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ , દેવ પુંજ , કસ્તુરબા રોડ , વાલજી લધ્ધા ક્રોસ રોડ, મુલુંડ (વે),મુંબઈ - 80. મધ્યે મળશે ,સર્વે સભ્યો ને હાજર રહેવા વિનંતી

## એજેન્ડા

1) ગત મીટીંગ ની મીનીટસ નું વાંચન .

2) મુંબઈ મધ્યે બે ટ્રસ્ટીઓ ની નિમણુક બાબત.

3) પ્રમુખ શ્રી ની રજા થી અન્ય બાબતે ચર્ચા.

લિ . જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

પ્રમુખ અને ટ્રસ્ટીગણ.

# પોતાના ઘરમાં કામ કરે તો ગૃહિણી ને બીજાના ઘરમાં કરે તે નોકરાણી ?




નામ : સંતોષ અથવા ગંગા અથવા ગૌરી અથવા રમીલા અથવા માલતી અથવા....

સ્થળ : સૂરત અથવા અમદાવાદ અથવા મુંબઈ અથવા....

આજે હું ઊઠી કે તરત જ મારા ઘરવાળાએ મને કહ્યું ''આ વિચારે આપણી ચંદ્રાની સ્કૂલમાં મિટિંગ છે. તારે પણ આવવાનું છે.'' મેં નવાઈથી મારા ઘરવાળા સામે જોયું ''મારે કેમ?'' મને મારો ઘરવાળો કે મારા છોકરા કદી ય સ્કૂલની મિટિંગમાં લઈ જતા નહીં.

હું જવાની વાત કરું તો મારી મજાક ઉડાવે. આજે એણે મને મિટિંગમાં જવાનું કહ્યું એટલે મને નવાઈ લાગી. મારા ઘરવાળાએ મને કહ્યું, ''આમ તો તારું કંઈ કામ નથી, પણ એ લોકોએ મમ્મીને બોલાવી છે. મોટી થતી દીકરી સાથે કેવી રીતે વર્તવાનું એ શીખવા...'' હું કંઈ બોલી નહીં. મા-બાપે દીકરી સાથે કેવી રીતે વર્તવાનું એ તો સ્કૂલે શીખવે છે, પણ દીકરીએ કેવી રીતે વર્તવાનું એ કોઈ સ્કૂલમાં નહીં શીખવતા હોય ? ચોથા ધોરણ સુધી સ્કૂલે ગયેલી હું. હુશિયાર હતી, પણ મારી માને ઘરકામમાં જરૂર હતી એટલે ઉઠાડી લીધી, ત્યારથી ઘરકામ કરું છું.



મારા સાસરાવાળા જોવા આવ્યા ત્યારે પણ મારી માએ કહ્યું, ''ખાસ્સું કમાય છે'' એ લોકોએ દહેજ ઓછું કરી આપ્યું... આખી જિંદગી કમાઈ કમાઈને મારે એમને આપવાનું હતું ને !

મારો ઘરવાળો ઓફિસમાં પ્યૂન છે. યુનિફોર્મ પહેરીને ઑફીસ જાય છે, ઈંગ્લિશ બોલે, ઝેરોક્સ મશીનમાં ફટાફટ કોપી કાઢે, ઓફિસવાળાએ બાઈક અપાવ્યું છે... મગજ છટકે ત્યારે મને કહે છે, ''તારી જેમ ઠામડા નથી ઊટકતો ઓફિસમાં નોકરી કરું છું, સમજી?''

હું તો સમજી જ ગઈ છું... કે આખી જિંદગી મારે આ આ જ કરવાનું છે, આ જ સાંભળવાનું છે... આજે હું કામે આવી ત્યારે મને ખબર પડી કે ત્રણ દિવસ પછી મેડમના ઘરમાં પાર્ટી છે. મેડમે મારા દાખલ થતાની સાથે કહ્યું, ''રવિવારે રજા નહીં પાડતી.'' પછી જોરથી કહ્યું, ''તને અત્યારથી કહી રાખું છું, મારે ત્યાં પાર્ટી છે. લંચમાં વીસ જણા છે.'' કંઈ બોલ્યા વગર હું અંદર જવા લાગી. મૅડમ ફોન ઉપર કોઈની સાથે વાત કરતા હતા, ''હા, મારી મેઈડને કહી રાખ્યું, આ બાઈઓ પાછી આવા જ ખાસ દિવસે રજા પાડે.''

મારું નામ કંઈ પણ હોઈ શકે છે, હું ક્યાંય પણ રહેતી હોઉં એનું કોઈ મહત્ત્વ નથી. મારો દિવસ સવારે સાડા પાંચ વાગ્યે શરૂ થાય છે. મ્યુનિસિપાલટીના નળમાં પાણી આવે એ મારું અલાર્મ... આખા ઘરના લોકો માટે પાણી ભરું, કપડા ધોઉં, રસોઈ કરું, મારા ''એમનું' ટિફિન ભરું. મારી નાનકડી ખોલીમાં પાથરેલા ગોદડી-ગોદડા ઉપાડીને બંધુ સરખુ મૂકું. કચરા-પોતા કરું, પછી નાનકડી ચોકડીમાં ઠંડા પાણીએ જ નાહી લઉં... ને પછી નીકળી પડું. સવારથી સાંજ સુધી મેડમના બંગલાનું કામ ચાલે, વચ્ચે બપોરે મેડમ ઊંઘી જાય ત્યારે બીજાં બે કામ કરી આવું... દિવસ આમ જ પૂરો થઈ જાય. એક બંગલાથી બીજો બંગલો. ઝાડું-પોતાં, કપડાં-વાસણ, ઝાપટ-ઝૂપટ, શાક કાપવું, બાબાને તૈયાર કરીને સ્કૂલે મોકલવા કે પછી બેબીના વાળ ઓળી આપવા, મેડમને માલિશ કરવું કે મેડમની સાસુની પીઠ પર ક્રીમ લગાડવું... ટૂંકમાં, મારી નોકરીમાં બધું જ આવે છે, જે મેડમ સોંપે તે બધું! મારી નોકરીમાં બીજું અગત્યનું કામ પણ છે, ગાળો ખાવાની, ભૂલો થાય તે માટે કંઈ પણ બોલાય તે સાંભળી લેવાનું. હું ગમે તેટલું કરું, પણ જ્યાં સુધી મેડમને સંતોષ ન થાય ત્યાં સુધી હું 'કામચોર' 'આળસુ' અને 'ઢીલી'... પણ મને વાંધો નથી. આ જ કામમાંથી મારી દીકરીની સ્કૂલની ફી ભરાય છે. ઈંગ્લિશ સ્કૂલમાં જાય છે મારી દીકરી. દસમા ધોરણમાં ભણે છે. એ કામ નહીં કરે... આગળ ભણશે, મેં નક્કી કર્યું છે. દર રવિવારે મારી દીકરી મને કહે છે, ''આજે તો સંડે છે ! આજે તો છુટ્ટી કર.'' પણ અમારે રવિવાર નથી હોતો. અમારે તહેવાર પણ ન હોય. મેડમ આગ્રહ કરીને કહે, ''અડધો દિવસ આવી જજે ને... એકસ્ટ્રા પૈસા આપી દઈશ.'' ના પાડીએ તો ખોટું લાગે. આપણને ચોપડાવે, ''આટલું આટલું ધ્યાન રાખું છું તારું. સાડી, કપડાં ને જાતજાતની વસ્તુઓ આપું છું ત્યારે તો બહુ સારી લાગું છું હવે કામ કરવાનું છે તો ના પાડે છે?''

મેં ઘરે જઈને વાત કરી - મેડમને ત્યાં પાર્ટી છે એમ કહ્યું. મારી દીકરી મને કહે છે, ''વુમન્સ ડેની પાર્ટી હશે.'' મેં ફરી

॥ શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ ॥ ॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

# શ્રી લાલા તીર્થે પર્યુષણ પર્વની ઉજવણી

શ્રી લાલા તીર્થે પર્યુષણ પર્વ, દર વર્ષની જેમ બહુ જ રૂડી રીતે ઉજવાઇ ગામવાસીઓ સારી સંખ્યામાં પધાર્યા (અંદાજે ૩૫ ની સંખ્યા) વિદ્યાપીઠથી વાંચન માટે પધારેલ બહેનોએ ખુબ જ સુંદર ધર્મ આરાધના કરાવી.

તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. ચિ. કુ. વેન્સી ગીરીષ મોમાયાએ પહેલી વહેલી સુંદર અઠાઇ શાતાપૂર્વક કરેલ. એમના પરિવાર તરફથી સાંજી રાખવામાં આવેલ. વિદ્યાપીઠની બન્ને બહેનોનું પણ બહુમાન કરવામાં આવેલ. પર્વ દરમ્યાન શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. સ્વપ્ન દર્શનનું ધૃત – ૩૦૭૪૦ મણ થયેલ. શ્રી પારણું ઘરે પધરાવવાનો ૧૫૧ મણમાં શ્રી સોમચંદ લક્ષ્મીચંદ લોડાયા પરિવારે લીધેલ. પોથી ૨૫૧ મણમાં શ્રી મુલજી આણંદજી દંડ હ. હંસરાજભાઇ પરિવારે પધરાવેલ.

પધારેલ ભાવિકોએ ખુબ જ ઉમંગ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ તેમ જ સંપૂર્ણ સહકાર આપી પર્વની ગરિમા વધારી અને સૌએ લાગણી વ્યકત કરી કે દર વર્ષે ગામનાં જ પર્યુષણ પર્વની ઉજવણી કરવી.

પરજાઉ, વારાપધર, રાપર, વરાડીયા વગેરે ગામમાં પ્રતિનિધિઓ પધારેલ

અઢાર અભિષેક, શ્રી શાંતીજિન જૈન જાગૃતિની રજતજયંતી નિમિત્તે તેમના દ્વારા આપણાં પ્રભુજીના કરાવવામાં આવેલ. તેઓ શ્રીઓનો સૌનો ખુબ ખુબ આભાર. પ્રમુખશ્રી કુસુમકાંત ટોકરશી નાગડા તથા ટ્રસ્ટી શ્રી સૂર્યકાંત હીરજી દંડ પર્યુષણ પર્વ દરમ્યાન ઉપસ્થિત રહેલ.

## પર્યુષણ પર્વની ઉજવણીના લાભાર્થી પરિવારો

| લાભાર્થી પરિવારો | સાધારણ ફંડ સાધર્મિક ભક્તિ | સ્વપ્નદર્શન (મણ) |
|---|---|---|
| માતુશ્રી મણીબાઇ હીરજી ખીયરાજ દંડ | રૂા. ૧૧,૦૦૦/- | |
| શ્રીમતી હીરાવંતી કુસુમકાંત નાગડા | રૂા. ૧૧,૦૦૦/- | ૭૫૧ |
| શ્રીમતી રતનબેન ગોવિંદજી ખીમજી દંડ (મગલભા) | રૂા. ૧૧,૦૦૦/- | |
| માતુશ્રી જયાબેન શામજી પુનશી લોડાયા (માલાણી) | રૂા. ૩,૦૦૦/- | |
| માતુશ્રી લક્ષ્મીબેન ઉમરશી રામજી દંડ | રૂા. ૩,૦૦૦/- | ૭૫૧ |
| શ્રી જેઠાભાઇ રાજપર મૈશેરી (અમલનેર વાલા) હ. જયંતીભાઇ | રૂા. ૨,૫૦૦/- | |
| શ્રી ભવાનજી ખીમજી દંડ હ. નરેશભાઇ | રૂા. ૨૦૦૦/- | |
| શ્રી નવીનભાઇ હીરજી દંડ (વેરાવળ) | | ૫,૧૦૨ |
| શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા | | ૨,૨૫૨ |
| શ્રીમતી નિલમ વિજય દંડ હ. કુસુમકાંતભાઇ નાગડા | | ૧,૫૦૨ |
| માતુશ્રી વેલબાઇ હીરજી પદમશી દંડ | | ૪,૭૫૫ |
| માતુશ્રી હિરબાઇ રતનશી વસનજી દંડ હ. હિરાચંદભાઇ/ દિલીપભાઇ | | ૪,૯૦૨ |
| શ્રીમતી લતા સૂર્યકાંત દંડ | | ૪,૨૦૩ |
| શ્રી હિરાચંદ હરશી મોમાયા | | ૮૦૧ |
| શ્રી હંસરાજ મુલજી આણંદજી દંડ | | ૨૨૦૩ |
| શ્રી ગોંવિદજી મુલજી આણંદજી દંડ | | ૨૧૨૪ |
| શ્રી કેશવજી મુલજી આણંદજી દંડ | | ૩૫૧ |
| શ્રી રાજેન્દ્ર નારાણજી દંડ | | ૫૪૨ |
| માતુશ્રી સોનબાઇ વસનજી દંડ હ. પ્રેમચંદભાઇ/નવીનભાઇ | | ૫૦૧ |
| **ટોટલ મણ/ટોટલ રકમ** | **રૂા. ૪૩,૫૦૦/-** | **૩૦,૭૪૦** |

**લિ. શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર એન્ડ મહાજન ટ્રસ્ટ**

પ્રમુખ : શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા • ઉપપ્રમુખ : શ્રી નવીનભાઇ હિરજી દંડ

પૂછ્યું, ''વુમન્સ ડે એટલે?'' મારી દીકરી મારી સામે જોઈ રહી, ''મા, સ્ત્રીઓનો દિવસ.'' મને નવાઈ લાગી, ''સ્ત્રીઓનો દિવસ ?'' મેં પૂછ્યું. મારી દીકરીએ મને સમજાવ્યું, ''આખી દુનિયામાં આજે વુમન્સ ડે - સ્ત્રીઓનો દિવસ ઉજવાય. સ્ત્રીઓને છુટ્ટી મળે, બધા એમને માન આપે, ભેટ આપે, સ્ત્રી હોવાનું ગૌરવ કરે...''

મારી દીકરીએ મારા ગળામાં હાથ નાખી નાખી દીધા, ''ચલ, આપણે વુમન્સ ડે ઉજવીએ !'' મેં એને પૂછ્યું, 'કેવી રીતે ?' મારી દીકરીએ મને કહ્યું, ''એ તું મારા પર છોડ.''

આઠમી માર્ચે, રવિવારે સવારે હું મારી દીકરી સાથે એની સ્કૂલે ગઈ. મારો ઘરવાળો પણ આવ્યો સાથે, મિટિંગમાં. એની ટીચરે પૂછ્યું, ''તમે શું કરો છો'' મારો ઘરવાળો કંઈ બોલે એ પહેલા મારી દીકરી બોલી, ''મારી મા ઘરકામ કરે છે. ખૂબ મહેનત કરે છે. હું ભણું એટલા માટે સવારથી સાંજ લોકોનાં વાસણ ઘસે છે, મેડમ.'' એની ટીચરની આંખોમાં પાણી આવી ગયાં. મારી દીકરીની આંખમાં પણ આંસુ તોળાવા લાગ્યાં... એ રડી નહીં. એની ટીચરે હાથ લંબાવીને મારી સાથે મિલાવ્યા, ''વેરી ગુડ ! આઈ એમ પ્રાઈડ ઑફ યુ.'' એણે કહ્યું. હું સમજી નહીં, પણ એની આંખો પરથી મને લાગ્યું કે એણે મારાં વખાણ કર્યાં. મારા ઘરવાળાને બહુ ગમ્યું નહીં. મારી દીકરીની ટીચરે મારી સાથે બહુ બધી વાતો કરી, મારી દીકરી કેટલી મહેનતુ છે, હોશિયાર છે એ બધું કહ્યું મને...

અમે બહાર નીકળતા હતા ત્યારે મારા ઘરવાળાએ મારી દીકરીને પૂછ્યું, ''એવું કહેવાની શી જરૂર હતી કે તારી મા ઘરકામ કરે છે ?''

''એ કામ કરે છે... એમાંથી પૈસા કમાય છે.'' મારી દીકરીની આંખમાં મે પહેલી વાર આવું તેજ જોયું, ''દુનિયાની બધી સ્ત્રીઓ કામ કરે છે, કોઈ પોતાના ઘરમાં તો કોઈ બીજાના ઘરમાં.''

''પોતાના ઘરમાં કરે એને ગૃહિણી કહેવાય ને બીજાના ઘરમાં કામ કરે એને નોકરાણી, સમજી ?'' મારા વરે ઘૂરકિયું કર્યું, ''શું વિચાર્યું હશે તારી ટીચરે?'' એણે છણકો કર્યો.

''એણે જે વિચાર્યું એ તો કહી જ દીધું.'' મારી દીકરીએ એનો હાથ મારા ખભે લપેટ્યો. મારી જોડાજોડ ચાલતી મારી દીકરી મારાથી સહેજ ઊંચી થઈ ગઈ છે એવી મને ત્યારે જ ખબર પડી.

''આઈ એમ પ્રાઉડ ઑફ માય મધર. એ નોકરાણી નથી, મારી ભાગ્યવિધાતા છે.'' કહીને મારી દીકરીએ રસ્તાની વચ્ચે મારા ગાલા પર ચુમી ભરી, ''હેપી વુમન્સ ડે, મમ્મા.'' એણે કહ્યું ને પછી મારા ઘરવાળા સામે જોયું, ''અમે બે જણાં લંચ કરવા જઈએ છીએ. તમારે આવવું છે ?''

- કાજલ ઓઝા - વૈદ્ય (મુંબઈ સમાચારમાંથી સાભાર)

## SMART COMMUNITY NITI – UDAAN.

(By **Tilakchand K.L.** Fmr Chief Commissioner of IT.
ourbrotherhood@yahoo.co.in: 9940636646)

**Dear Fellow KDOs,**



Our community is young and has big dreams. As we journey towards realising them, KDO Community inches closer to greatness. Because a community of dreamers like you, is a community that will keep on shining. But to reach the goal, to finish bigger, better and brighter, you have to put your best in the LAST MILE of the journey towards progress. So let's be SMART and begin with SMART COMMUNITY NITI – UDAAN. This SOCIAL STARTUP (The entire NITI was published in Prakash Samiksha for views, sent to many community leaders and well wishers on their e-mail ids and also hosted on the Website kdoglobalsummit.com/wp) is proposed to be launched during the KDO GLOBAL SUMMIT ON IT and EMERGING BUSINESSES at Bengaluru to be held on 8th & 9th January, 2015.

With your one SMART initiative, you aren't just fulfilling your dreams, you are not only helping your fellow KDO brother/ sister to realise their aspirations but also the goals of the Community – a community which aims to be one of the best social groups in the world from all parameters.

LET THIS SOCIAL STARTUP ATTAIN THE STATUS OF THE BEST BUSINESS STARTUPS IN THE WORLD.

**UDAAN- BADE SAPNOKI SAHI SHURUAAT.**

### ૨૬મા પાનાપરના શબ્દાનંદનું ઉકેલ

**આડી ચાવી :** (૧) ત્રિવેણીસંગમ (૫) રાજીનામું (૭) લજ્જા (૮) તડજોડ (૧૦) નરદમ (૧૨) રંભા (૧૩) બહુમતી (૧૬) ગતિ (૧૮) કલ્પાંત (૧૯) સુતરાઉ (૨૧) સપ્રમાણ (૨૩) ચસકેલ (૨૫) ઉધાર (૨૭) ભરપેટ (૨૯) લાપરવા (૩૧) તક્ષક (૩૨) સરસર (૩૪) અપશબ્દ (૩૫) કરપીણ (૩૮) વિષાદ (૩૯) તરો (૪૧) વસવાટ (૪૩) જપ (૪૫) હરકત (૪૮) પૂરપાટ (૪૯) ભાવ (૫૦) સરવાળો (૫૧) નરમગરમ

**ઉભી ચાવી :** (૧) ત્રિકાળ (૨) સંસ્કાર (૩) મલમ (૪) ચાતરમ (૫) રાડ (૬) નાસભાગ (૯) જોગી (૧૦) નચિંત (૧૧) દહેશત (૧૪) હુક્કો (૧૫) તારણ (૧૭) તિરસ્કાર (૧૮) કદાચ (૧૯) સુલભ (૨૦) ઉચાટ (૨૨) પ્રતાપ (૨૪) સમક્ષ (૨૬) ધાડસ (૨૮) પેદાશ (૨૯) લાયક (૩૦) વાસણ (૩૧) તથાભૂત (૩૩) કેવા (૩૮) વિખ્યાત (૪૦) રોજગાર (૪૨) સમેટવું (૪૪) વેર (૪૫) હવન (૪૬) કસમ (૪૭) ઉદ્યમ

## આરોગ્ય પ્રકાશ : દોડવું અને બીજી કસરતો - ભાગ ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 9757303562 / 7069621931

**કમરની તકલીફ-કમરના દુઃખાવા માટેની કસરત :** કમર અને તેની આજુબાજુના સ્નાયુઓને મજબુત કરવાની ૫ કસરતો હોય છે. ૧. બેક એક્સટેશન એટલે સીધા ઊભા રહી કમરપર હાથ રાખો કમરથી ઉપરના ભાગને પાછળની તરફ વાળવું અને પાછુ સીધા થવું. ૨. ફોરવર્ડ ફલેક્શન એટલે પહેલાની જેમજ ઊભા રહી કમરથી ઉપરના ભાગને આગળ તરફ વાળવુ અને પાછા સીધા થવું. ૩. નેક એક્સેન્શન એટલે ગરદનને પાછળની તરફ વાળવી અને પાછી સીધી લાવવી. ૪. લેટરલ ફલેક્શન એટલે કમરથી ઉપરના ભાગને ડાબી અને જમણી બાજુ પર-સાઈડમાં વાળવું. ૫. ઓબ્લીક એટલે કમરથી ઉપરના ભાગને ૪૫ ના ખૂણે ઓબ્લીકમાં ડાબેથી જમણે અને પછી જમણેથી ડાબે વાળવું આ બધી કસરતો વગર ઝટકાએ દસેક વખત કરવી. આ કસરતોથી, ચાલવાથી કે ઊભા રહેવાથી કરોડને, શરીરને નુકસાન થાય છે. આરામ કરતા હોઈએ ત્યારે પણ ટટ્ટાર બેસવું જોઈએ.

દોડવાની કસરત વિગતવાર જોઈ પણ વાચકને નવાઈ લાગશે કે ઉંધા દોડવાનું (રીટ્રો રનીંગ - રીટ્રો પેડલીંગ) પણ અમુક લોકો કરે છે. એમાં જુદા સ્નાયુઓને કસરત મળે છે. દોડવામાં પગના 'કાફ' મસલ્સ (આપણે જેને પીંડી કહીએ છીએ તે) અને હેમસ્ટ્રીંગ સ્નાયુઓને કસરત મળે જ્યારે ઉંધા દોડવામાં ક્વાડ્રીસેપ્સ સ્નાયુ મજબુત થાય. રીસર્ચ જણાવે છે કે ઉંધા દોડવું એ ખૂબ જ સરસ કાર્ડીઓવાસ્ક્યુલર કસરત છે. હૃદય અને એની નસો માટે ફાયદાકારક છે. ઉંધા દોડનારમાં ઓક્સીજનના વપરાશમાં સારા પ્રમાણમાં ઘટાડો થાય છે અને એ રીતે કાર્ડીઓવાસ્ક્યુલર ફીટનેશ-હૃદય અને લોહીની નસોની તંદુરસ્તી-સારી રહે છે, પણ હજી વધુ સંશોધન જરૂરી છે. હૃદય અને તેની નસોની ફીટનેસ મહત્વની છે એ તમે સીધા કે ઊંધા દોડીને બંને રીતે મેળવી શકો છો.

દોડ્યા પછી કે કસરત ઠંડા વાતાવરણમાં કરી હોય અને પસીનો ન થયો હોય કે ઓછો થયો હોય તો સાદુ પાણી પીવું પર્યાપ્ત છે પણ પસીનો વધુ થયો હોય તો લીંબુ સરબત કે ફળોનો રસ લેવો જોઇએ. પેશાબ પર પણ ધ્યાન આપવું જોઈએ એ ઘટ્ટ ન થવું જોઈએ. જો ઘટ્ટ પેશાબ થાય તો સમજવું કે શરીરને પાણી, પ્રવાહીની વધુ જરૂર છે.

કમરના દુઃખવાની જેમ બીજી સામાન્ય તકલીફ ગરદનના દુઃખવાની છે. સરવાઈકથી સ્પોન્ડીલાઈટીસની તકલીફ ગરદનના ૭ મણકા (C1 થી C7 ) અને તેની વચ્ચેની ગાદીના ઘસારા ને લીધે થાય છે, સાંધાઓમાં સોજાને લીધે ગરદનમાં, ગરદનની આજુબાજુ દુઃખાવો થાય છે. હાથની નશો ગરદનના મણકાની વચ્ચેથી નીકળી હાથમાં જાય છે, એ જો દબાય તો હાથમાં દુઃખાવો, ખાલી ચડવી કે ક્યારેક ખભામાં દુઃખાવો થાય છે.

**ગરદનની કસરતોમાં** ૧. સીધા બેસીકે ઊભા રહી ગરદનને ઉપર-નીચે હલાવવી. ૨. આજુબાજુ હલાવવી. ૩. ઓબ્લીકમાં એટલે કે ૪૫ં ના ખૂણે ઉપરથી નીચે ડાબેથી જમણે ગરદનને ઘુમાવળી. ૪. એમજ ઓબ્લીકમાં ૪૫ં ના ખૂણે જમણેથી ડાબે ગરદનને ઘુમાવવી. ૫. ગરદનને ક્લોકવાઈસ (ઘડિયાળનો કાંટો ચાલે એ દિશામાં) ગોળ ગોળ ફેરવવી. ૬. એન્ટી ક્લોકવાઈસ (ઘડિયાળનો કાંટો ચાલે એની વિરૂધ્ધ દિશામાં) ગરદનને ગોળગોળ ફેરવવી. ૭. બંને હાથનો પંજો એકબીજામાં ભેરવી ગરદન પર રાખી, કોણીઓ ડાબે-જમણે સાઈડપર રાખી, શ્વાસ અંદર લઈ હાથના પંજાઓને આગળ દબાવવા અને ગરદનને પાછળ ધકેલવી એને શ્વાસ બહાર કાઢવો. ૮. હાથના પંજા એમ જ રાખી કોણીઓ સાઈડમાં રહે એમ રાખી, કોણીઓને આગળ લઈ જઈ અડાડવી અને વળી સાઈડમાં લઈ જવી. ૯. બંને અંગુઠા બંને ખભાપર રાખી કોણીઓને આગળ અડાવી એમને ગોળાકારમાં પાછળ લઈ જઈ વળી આગળ અડાવવી. આમ ક્લોકવાઈસ અને એન્ટી-

## મોટી સિંધોડી મધે શ્રી નેમીનાથ દાદાની છત્રછાયામાં પર્યુષણ આરાધના

મોટી સિંધોડીમાં સ્થાનિકે પર્યુષણ મહાપર્વની સુંદર આરાધના તપ-જપ સાથે થઈ. વિદ્યાપીઠ તરફથી કસ્તુરબેન તથા રતનબેન આરાધના માટે આવેલ. કલ્પસૂત્ર પધરાવવાનો લાભ શેઠશ્રી નરપાર મેઘરાજ લોડાયા પરિવાર તથા કલ્પસૂત્ર વહારેવાનો લાભ માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવારે લીધો. પારણું પધરાવવાનો તથા ઝુલાવવાનો લાભ અ.સૌ. કુંદનબેન પંકજ માણેકજી મૈશેરી પરિવારે લીધો.

શ્રી મુકેશભાઈ લોડાયા, અ.સૌ. કાજલબેન લોડાયા તથા ચિંતન લોડાયાએ અઠાઈ તપ કરેલ. ટોટલ ઘૃત મણ પણ સરસ થયેલ. લાલા, વારાપધર, વાંકુ, જખૌ, સાંધવ, સાંયરા, વરાડીયા, રાપરગઢ વગેરે ગામોના સંઘ દર્શનાર્થે પધારેલ.

ભૂજથી સિંધોડી આવતા-જતાં બંને ટાઈમે શ્રી બાડા અચલગચ્છ જૈન સંઘ સાધર્મિક ભક્તિનો લાભ આપેલ. ગામની બાજુમાં આવેલ વનોરી ગામે શંકર ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા સમયે મોટી સિંધોડી મહાજને હાજરી આપેલ. સ્થાનિકે શ્રી લહેરચંદભાઈ તથા પરિવારની મહેનત કાબીલે તારીફ રહી.

(ફોટાઓ ૩૫માં પાને)

ક્લોકવાઈસ કરવું. આપ કરતી વખતે અંગુઠા ખભાપર જ રાખવા. ૧૦. બંને હાથને સીધા ગરદનની સામે રાખી અંગુઠો સંભાળીઓની અંદર રાખી મુઠીઓ વાળી કાંડા થી ઉપરથી નીચે અને પછી નીચેથી ઉપર ગોળગોળ ઘુમાવવા. આ બધી એકેક કસરત કરવી ૮-૧૦ વખત સવાર-સાંજ કરવી.

સાંધાની તકલીફ હોય એ સાંધાની કસરત કરવી બહુ જ જરૂરી છે. કસરતથી એ ભાગના સ્નાયુ લીગામેન્ટસ મજબુત થશે, હાડકામાં કેલ્શીયમ જમા થશે, સાંધામાં લુબ્રીકંટ-ઓઈલ ફરશે અને ધીરે ધીરે સંધીવાત-સાંધાની તકલીફ વાળાને ફાયદો થાય છે. દુઃખાવો ઓછો થાય છે, માટે વગર કટાળો કર્યે કસરત કરવી એ શ્રેષ્ઠ ઈલાજ છે ફક્ત કાળજી એટલી લેવાની કે સાંધાને ઝટકા ન લાગે. સાંધામાં દુઃખાવો, સોજા વધુ હોય ત્યારે સાંધાને આરામ આપો, કસરત સિવાયના બીજા ઈલાજો ચાલુ રાખો. કસરતની સાથે ગરમ પાણી કે ઇલેક્ટ્રીકનો ગરમ શેક કે બરફનો શેક જે માફક આવે તે કરવો. અડધા કલાકના અંતરે ગરમ અને ઠંડો-શેક એમ પણ કરી શકાય પણ એક શેક પછી બીજી શેક વચ્ચે અડધા કલાકનો અંતર રાખવો 'વોલીની' કે 'મૂવ' જેવા મલમની માલીશ કરવી. પેઈન કીલર્સ (કોમ્બીફ્લેમ/આખુજેસીક જેવી) બને એટલે ટાળવી. એ લેવાથી દુઃખાવામાં તરત રાહત મળ છે પણ કાયમી ઈલાજ નથી. વધુ પડતી લેવાથી એસીડીટી, પાચનની તકલીફ, લીવર-કીડની પર અસર થઈ શકે-નુકશાન થઈ શકે.

રોજ રાતના ૪ ભીંડા કાપી પાણીમાં પલાળી સવારે ખાલી પેટે ભીંડા અને પાણી ખાઈ લેવા. ચીકાશનો કંટાળો ન કરતાં ચમચાથી ખાવા અથવા મીક્સયરમાં જરા ફેરવી એમ જ ગટગટાવી જવું. ધીરે ધીરે ૪-૬ મહીને ચોકક્સ ફાયદો થશે. રોજ પંદરેક દાણા મેથીના પાણીમાં ભીજાંવી સવારે નાસ્તા પછી દાણા અને પાણી લેવા. રોજ ૪ ચમચી અળશી અને ૪ અખરોટ લેવા જેથી ઓમેગા-૩-ફેટી એસીડ મળશે જે સાંધાને સુધારવામાં ઉપયોગી થશે સાથે હૃદય માટે પણ સારા છે. સરગવાની સીંગને બાફીને ગર ખાવુ અથવા સૂપ જેવું બનાવી લેવાથી સાંધાના દુઃખાવામાં ફાયદો થાય છે. સરગવાના પાનમાં તો સરગવાની શીંગ કરતા પણ વધુ કેલ્શીયમ અને બીજા વિટામીન્સ, મીનરલ્સ, વગેરે હોય છે, તે પાન સુપમાં, શાક્યાં, મુઠીઆ, થેપલા જેવી વાનગીમાં વાપરી શકાય અથવા એને સારી રીતે સુકવી, ભુકકો કરી પેક બરણીમાં મૂકી જોઇએ ત્યારે વાનગીમાં વાપરી શકાય. - (ક્રમશઃ)



## અનોખા સંઘપતિ

વર્ષ ૨૦૦૧માં પ.પૂ. અમિત ગુણાશ્રીજી મ.સા. (સાગર સમુદાય)નો ખંડવા નગરમાં એતિહાસિક ચાતુર્માસમાં સંઘપતિ શ્રી અનિલ નવીનચંદ્ર લોડાયા, (નાની ખાવડી, ખંડવા) શ્રેષ્ઠ લાભાર્થી રહ્યા. સાવેજ ૫ મહીનાની ભોજન વ્યવસ્થામાં સક્રિય ભાગીદાર રહી બધી જહેમત હોંશે-હોંશે ઉઠાવી તપસ્વિઓંને શાતા અપાવી. ખંડવા નગરના જગવલ્લભ પાર્શ્વનાથ દેરાસરથી મક્ષી પાર્શ્વનાથનો ૧૫ દિવસ નો પગપાળી સંઘ ના પ્રથમ સંઘપતિ થયા. પગપાળી યાત્રામાં લગભગ ૧૦૦ યાત્રી જોડાયા. સંપૂર્ણ માર્ગમાં સુંદર રીતે રોકવવાની, એકાસણાની વ્યવસ્થિત વ્યવસ્થા કરી તેમજ સાધ્વી ભગવંતોની વૈયાવચ્છ પણ ધર્માનુસાર કરી.

અનિલભાઈનો તા. ૭/૯ ના સ્વર્ગવાસ થયો. તેના સમાચાર જાણી તે દિવસો આંખોની સામે આવી ગયા, જ્યારે તેમણે અનોખા સંઘપતિની ભૂમિકા ભજવેલી

**- હેમંત કિશોરકાંત લોડાયા, ખંડવા**

## 'કચ્છ-અર્પણ'

'કચ્છ-અર્પણ'ના એપ્રિલ-જુલાઈ ૨૦૧૫ના અંક માં મુખપુષ્ઠ પર છપાયેલ કચ્છની મુગ્ધ વયની બાળાની તસવીરમાં આ નિયાણીની આંખોમાં બાળપણની નિકાતનાઓ અના વસ્ત્રોમાં કચ્છી કલા છલકાય છે.

